# શહેરમાંથી એકટીવા ચોર ઈલેક્ટ્રીશીયન ઝડપાયો



ગાંધીનગર, તા.૮

ચોરીના બે એકટીવા સાથે ચરેડી છાપરા વિસ્તારમાં રહેતા ઈલેક્ટ્રીશીયનને એલસીબી-૨ પોલીસે પકડી પાડી સેકટર-૨૧ અને ચાંદખેડાના વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જુના વાહનના લોક પણ જુના થઈ ગયા હોવાથી કોઈપણ ચાવીથી મોટાભાગે ખુલી જતા હોય છે.જયારે જુના વાહન પર માલિક ખાસ ધ્યાન આપતા નથી. ત્યારે એલીસીબી-૨ પીઆઈ જે. એચ. સિંધવના માર્ગદર્શન હેઠળની ટીમે વાહનના જુના લોક ખોલી વાહન ચોરીને અંજામ આપતા હરેશ અમૃતલાલ જાદવ (રહે.ચરેડી મુળ રહે. વિવેકાનંદ નગર સેકટર-૨૫ ) ને એકટીવા સાથે પકડી પાડ્યો હતો. પોલીસની પુછપરછમાં તે ઈલેકટ્રીશીયન તરીકે કામ કરતો હોવાનું સામે આવ્યું છે. જયારે આરોપીએ સેકટર-૨૧ તેમજ ચાંદખેડા વિસ્તારમાંથી એકટીવા ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. પોલીસે એકટીવા નં. જી.જે. ૧૮. સી.એમ. -૨૦૦૯ અને જી.જે. ૦૧.જે. એસ.-૫૫૮૪ કબ્જે કર્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લામાં આજે ૩૮૪૯ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રી સુધી આજે ઊંચકાયો છે. જો કે હળવા છાંટા પછી નગરજનો ઉકળાટથી ત્રાહિમામ થઈ ગયા હતા.

● ગુજરાત વિધાન સભાનું ચોમાસુ સત્ર ૨૧-૨૨ સપ્ટેમ્બરના રોજ યોજાશે.

● ગાંધીનગરમાં આજથી ત્રિદિવસીય એગ્રીએશિયા એક્સ્પોના એક્ઝીબીશન સેન્ટર ખાતે આરંભ થઈ રહ્યુ છે.

● ટી.બી.મુક્ત ભારત અભિયાનને વેગ આપવા આજે મહામહિમ રાષ્ટ્રપતિ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી દેશના તમામ પદાધિકારીઓને સંદેશ આપશે.

● ૧૦મી સપ્ટેમ્બરના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આરોગ્ય સેવાયજ્ઞનું સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ વાડી ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર શહેરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને લઈ મનપા દ્વારા ખાસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે. આજે ૪ સ્થાનોએ આવા કેમ્પો યોજવામાં આવનાર છે.

● ત્રીજી જાતિના મતદારોની નોંધણી માટે આજે ખાસ કેમ્પનું આયોજન ચૂંટણી પંચ દ્વારા જિલ્લામાં કરવામાં આવ્યુ હતુ.

● ૧૦મીએ ગુજરાત બંધના એલાનને લઈ આજે શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠક બપોરે ૩ વાગે જિલ્લા કાર્યાલય સે. ૨૨ ખાતે યોજવામાં આવેલ છે.

● ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓને ૨૩મી સપ્ટેમ્બર પહેલા તેમના પ્રમાણપત્રો મેળવી લેવા જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીએ જણાવ્યુ છે.

● વારસમાંના કર્મચારીઓનું આજથી બે દિવસ પેનડાઉન આંદોલનનો આરંભ થયો છે. સોમવારે તમામ કર્મયોગીઓ ખાસ સી.એલ. પર જવાના છે.

● લવાડ રક્ષાશક્તિ યુનિ.ના વાઈસ ચાન્સેલરની નિયુક્તીનો મામલો હાઈકોર્ટે પહોંચ્યો.



## એસ.કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ટીચર ડે સેલિબ્રેશન

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ટીચર ડે સેલિબ્રેશન કરવામાં આવ્યુ હતુ. જેમાં નાની નાની બાળકીઓ સાડી પહેરીને આવી હતી અને છોકરાઓ નવા પેન્ટ શર્ટ પહેરીને શિક્ષકની વેશભૂષા ધારણ કરીને આવ્યા હતા અને આ એક દિવસ માટે બાળકો શિક્ષક બનીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## શારદા સ્કુલ ઓફ ફાર્મસી YDPA દ્વારા વર્કશોપનું આયોજન



ગાંધીનગર,તા.૦૮

શારદા સ્કુલ ઓફ ફાર્મસી માં PHARMA-PRENERS ઉપર એક દિવસીય વર્કશોપ નું આયોજન કરવા માં આવ્યું હતું . જેમા YDPA (YOUTH DEVELOPMENT PHARMACEUTICALS ASSOCIATION) ના ચેરમેન Mr. Nitin Raval yu PHARMA-PRENERS પર ઉડાણ પુર્વક વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં વિધ્યાર્થીઓ ફાર્મસી નો અભ્યાસ પુર્ણ કર્યા બાદ પોતા નો ઉધોગ કે વ્યાપાર કેવી રીતે આગળ વધારી શકે. તથા આત્મનિર્ભર કેવી રીતે બની શકે તેના વિશે સમજાવ્યું હતું. આ વર્કશોપ માં D.Pharm, B.Pharm,M.Pharm નાં છેલ્લા વર્ષ ના વિધ્યાર્થીઓ એ સક્રિય ભાગીદારી લીધી હતી. અને શારદા સ્કુલ ઓફ ફાર્મસી એ YDPA (YOUTH DEVELOPMENT PHARMACEUTICALS ASSOCIATION) સાથે MOU કર્યા હતા. આ કાર્યક્રમ નું સફળ સંચાલન પ્રિન્સિપાલ ડો. દિવ્યકાંત પટેલ દ્વારા કરવા માં આવ્યું હતું. જે બદલ કોલેજ ના ટ્રૂસ્ટી ડો.નરેશ.કે.પટેલ અને ડો.યોગેશ.કે.પટેલે અભિનંદન પાઠવ્યા હતાં.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ અડાલજ દ્વારા શિક્ષક દિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૮

ડૉ. સર્વોપલ્લી રાધાકૃષ્ણ જન્મ જયંતી નિમિત્તે દર વર્ષે શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાોય રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અડાલજ દ્વારા બી. ફાર્મ અને ડી. ફાર્મના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા શિક્ષક દિન ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકોની ઉત્તમ ભૂમિકા ભજવી હતી. દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વક્તવ્ય સ્પર્ધા, અલગ-અલગ ગેમ્સ તથા બેસ્ટ ટીચર ઓફ ધી ડે માટે ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ગૂજરાત વિદ્યાપીઠના હિંદીભવન દ્વારા હિંદી સપ્તાહનું ઉદ્ઘાટન કરાયું




ગાંધીનગર, તા. ૮

હિંદી-હિંદુસ્તાની પ્રચાર સમિતિ, હિંદીભવન, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા ગૂજરાત કુમાર વિનય મંદિરમાં હિંદી સપ્તાહનું ઉદ્ઘાટન કરાયુ. હિંદીભવનના નિયામક પ્રા. રમેશભાઈ મ. પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અતિથિવિશેષ તરીકે ડૉ. ગાયત્રીદત્ત મહેતાએ હિંદીભાષાના મહત્વ વિશે વાર્તાલાપ કર્યો હતો. સભા અધ્યક્ષ તરીકે કુલસચિવ ડૉ. નિખિલ ભટ્ટ ઉપસ્થિત રહી હિંદી ભાષાની શરૂઆત, આવશ્યકતા અને રાષ્ટ્રભાવના જાગૃતિમાં હિંદી ભાષાના મહત્વ વિશેનો સુંદર વાર્તાલાપ કર્યો હતો. વિનય મંદિરના આચાર્ય ડૉ. હેમન્ત ઓઝાએ આભારદર્શન કર્યુ જ્યારે સમગ્ર સભા સંચાલન નરેશભાઈ પંચાલે કર્યુ. હિંદીભવન દ્વારા હિંદી સપ્તાહ તા. ૮-૯-૨૨થી ૧૪-૯-૨૨ સુધી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હિંદી ભાષાનો પ્રચાર-પ્રસાર કરવાનો આગવો અભિગમ રખાયો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ૧૦ થી ૧૩ વર્ષના બાળકો માટે ગરબા તાલીમ કાર્યશાળા

ગાંધીનગર,તા.૦૮

દિનાંક ૧૧ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ૧૦ થી ૧૩ વર્ષના બાળકો માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ગરબા તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યશાળા દરરોજ સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઓપન હોલમાં યોજાશે.

જેમાં ગુજરાતની જાણીતી સંસ્થા પનઘટ કલાકેન્દ્રના ખ્યાત કલાકારો ઉપસ્થિત રહી ગરબાની તાલીમ આપશે. આ કાર્યશાળાની રજિસ્ટ્રેશન ફી ?૧૦૦ છે. આપ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સેક્ટર-૨૦ ખાતે રૂબરૂ આવીને રજિસ્ટ્રેશન કરાવી શકશો. વધુ જાણકારી માટે ડૉ.ભૈરવીબહેન દીક્ષિત (૮૧૨૮૯૮૪૨૮) અને ડૉ. જયભાઈ ઓઝા (૯૮૯૮૦૪૬૪૮૮)નો સંપર્ક કરી શકશો.

બાળકો માટેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની આ વિશેષ પહેલનો ગાંધીનગરના દરેક નાગરિક લાભ લે તેવી અપીલ છે.

## ડેપોમાંથી બહેનને મુકવા માટે આવેલા ભાઈના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૮

પાટનગર એસટી ડેપોમાં મોબાઈલ ચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ડેપોમાંથી મોબાઈલ અને પાકીટ ચોરી સામાન્ય બની ગયા છે. મુસાફરો લુંટાઈ રહ્યા છે પરંતુ એસટી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં છે. તો બીજીતરફ પોલીસ પણ ડેપો માં મુસાફરોની સલામતીને લઈ ઉદાસીન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ટીંટોડા થી બહેનને બસમાં બેસાડવા માટે આવેલા ભાઈનો મોબાઈલ ગણતરીની મિનિટોમાં ચોરી થઈ ગયો છે. બનાવ અંગે સુનિલ ઠાકોરે ઓનલાઈન ફરીયાદ નોંધાવી છે. ટીંટોડા ગામે સુનિલ વિરમજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને ઘરે બેઠા સોફટવેર કંપનીનું ઓનલાઈન કામ કરે છે. ગત તા.૬ ના રોજ સવારે સુનિલ પોતાની બહેનને મુકવા માટે એસટી ડેપો ખાતે આવ્યો હતો. તે સમયે બસ આવતા તેની બહેન બસમાં બેસી ગયા હતા.જયારે ભાણાને સુનિલે તેડી રાખ્યો હતો. જેથી બસમાં બેઠેલા બહેનને ભાણાને આપવા માટે ધક્કામુકી વચ્ચે સુનિલ બસમાં ચડ્યો હતો. ત્યારબાદ નીચે ઉતરીને જોયુ તો સુનિલનો આઈફોન -૧૩ પ્રો મેકસની ચોરી થઈ હતી. સુનિલે તાત્કાલીક આસપાસમાં તપાસ કરી હતી, જયારે અન્ય મુસાફરના મોબાઈલમાંથી પણ કોલ કરતા ફોન સ્વીચ ઓફ આવી રહ્યો હતો.ત્યારે ગણતરીના સમયમાં જ મોબાઈલ ચોરી ટોળકી મુસાફરોના ખીસ્સામાંથી મોબાઈલ સેરવી લે છે.

# મેટ્રો રેલ પ્રોજેકટના સળીયા ચોરીનું કૌંભાડ ઝડપાયું

**ભંગારીયાને ૭૦ કિલો વજનના સળીયા ડ્રાઈવર-હેલ્પરે વેચી દીધા હતા**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં હાલના સમયે મેટ્રો રેલ પ્રોજેકટનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. ત્યારે ચ-૨ પાસે સેકટર-૧ ની ખુલ્લી જગ્યામાંથી રૂ.૭ હજારની કિંમતના ૭૦ કિલો વજનના લોખંડના સળીયા ચોરી બારોબાર વેચી મારવાનું કૌંભાડનો પર્દાફાશ થયો છે. ચ-૦ પાસેથી કંપનીના સિક્યુરીટી સુપરવાઝઈરે લોખંડના સળીયા સાથે ભંગારના વેપારીને પકડી પાડ્યો હતો. વેપારીની પુછપરછ કરતા કંપનીના ડ્રાઈવર અને હલ્પરનું નામ સળીયા ચોરીમાં સામે આવ્યું હતું. બનાવ અંગે પોલીસે ૩ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં મેટ્રો રેલના પ્રોજેકટમાં અમદાવાદની સિક્યુરીટી એજન્સી કાર્યરત છે.ત્યારે સિક્યુરીટીના જવાનોના પાઈન્ટ યશ પ્લાઝા રાયસણ થી ચ-૨ સર્કલ સુધી ચાલે છે. ત્યારે ચ-૨ સર્કલ પાસે સેકટર-૧ ના કટ પાસે પડી રહેલા લોખંડના ૩૨એમએમના ૭૦ કિલો વજનના સળીયાની ચોરી થઈ છે. જેથી કંપનીના વ્યકિતઓની પુછપરછ કરી હતી. પરંતુ રૂ.૭ હજારના ગુમ સળીયા હાથમાં આવ્યા ન હતા. ત્યારે ગતરોજ સવારના સુમારે એક શખ્સ પેંડલ રીક્ષામાં સળીયા ભરીને કોબા થી ગાંધીનગર તરફ આવી રહ્યો હતો. ત્યારે આ પેંડલરીક્ષા વાળાને સેકટર-૧ ના કટ પાસેથી પકડી પાડી પુછપરછ કરતા તેણે પોતાનું નામ જગદીશ દેવીલાલ તેલી (રહે ધોળાકુવા)અને લોખંડના સળીયા નારણજીએ તેના ટ્રેલરમાંથી કાઢીને રૂ.૧૬૦૦માં વેચી માર્યા હતા.જેથી સુપરવાઈઝરે સળીયા લઈને કંપનીમાં તપાસ કરતા ચોરી પાછળ કંપનીના ડ્રાઈવર બાબુલાલ મગીલાલ ડામોર (રહે આંતરી ગામ તા.જી.ડુંગરપુર) સામેલ હતા. પોલીસે ડ્રાઈવરની પુછપરછ કરતા સેકટર-૧ માંથી રાત્રીના એક વાગે હેલ્પર નારાયણ ડામોરની મદદથી લોખંડના સળીયા ચોરી વેચી દીધા હતા. ત્યારે કંપનીના સિક્યુરીટી સુપરવાઈઝરે ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

# અડાલજ વિસ્તારની ધાડના ગુનાનો ભેદ ઉકેલાયો : એક આરોપી ઝડપાયો



ગાંધીનગર,તા.૦૮

ગાંધીનગર શહેરની આસપાસ આવેલા હાઈ-વે રોડ પર વાહનચાલકોને આંતરી છરી બતાવી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન લુંટી નાસી જનાર કાકા-ભત્રીજાની ગેંગ ગબ્બરને સાથે રાખી તરખાટ મચાવતા હતા. ત્યારે અડાલજ ધાડના ગુનાના આરોપી ભત્રીજાની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ પૂર્વ જુના બળીયાદેવ મંદિર પાસે રામનગર સોસાયટી ખાતે અર્જુન રાજેન્દ્રભાઈ પ્રજાપતિ વેદ એર કન્ડીશનરના નામથી એસી રીપેરીંગનો વેપાર કરે છે.બે દિવસ પહેલા અર્જુન તેના પાડોશી વસ્તાભાઈ જકતાભાઈ પટેલ સાથે અમદાવાદથી ઘરે પરત જઈ રહ્યો હતો. ત્યારે રાત્રીના દોઢ વાગે અડાલજ બાલાપીર સર્કલ થી કલોલ તરફ જતા રોડ પર તેમના એકટીવાની પાછળ બે બાઈક સવાર આવ્યા હતા. ત્યારપછી રસ્તો પુછવાના બહાને એકટીવા આગળ ઉભી રાખી હતી.પાંચ જેટલા શખ્સોએ છરી બતાવી મોબાઈલ ફોન અને રોકડા રૂ.૩૩૦૦ લુંટીને ફરાર થઈ ગયા હતા. ત્યારે આગળ જઈને મહેસાણા મેઘલ સોનીને છરી બતાવી એપલ કંપનીનુ મેકબુક અને મોબાઈલ ફોન ઝુંટવી લીધો હતો.ત્યારે ટોળકીએ વધુ એક શખ્સને નિશાન બનાવ્યા હતા. વલાદ ગામે રહીને દુધનો વેપાર કરતા સુહાગ રાજેશભાઈપટેલ અને તેના સાળાજય ત્રિવેદીને પણ ઈકો કારનો કાચ તોડી છરી બતાવી લુંટ ચલાવી હતી. અડાલજ પોલીસ મથક વિસ્તારમાં રાત્રીના સમયે એક પછી એક લુંટ-ધાડના ગુના બનતા પોલીસ હરકતમાં આવી ગઈ હતી.અડાલજ પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનીકલ સર્વેલન્સની મદદથી ઝુંડાલ સર્કલ થી બાઈક સાથે મિતેશ રાકેશભાઈ લોધી (ઉ.૨૨, રહે ગલીનંબર -૧૦બી પુષ્પાનગર ભાર્ગવરોડ કુબેરનગર)ની ધરપકડ કરી દીધી છે. પોલીસની પુછપરછમાં મિતેષ અને તેના કાકા વિકાસ કાલીચરણ રાજપુત તેમજ પ્રકાશચંદ્ર અને ગબ્બર નામના શખ્સ સાથે મળી લુંટના ગુનાને અંજામ આપ્યાની કબુલાત કરી હતી. ત્યારે પોલીસે અન્ય આરોપીઓ વિકાસ કાલીચરણ રાજપુત, પ્રકાશચંદ્ર, અને ગબ્બરને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

## આજે ગાંધીનગર પધારતા વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમારજી

ગાંધીનગર, તા. ૮

વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ વ્રજરાજકુમારજી મહોદય તા. ૯-૯-૨૦૨૨ના રોજ ગાંધીનગર પધારશે. વલ્લભ યુથ સંસ્થાના સ્થાપક પૂ.પા.ગો. ૧૦૮ વ્રજરાજકુમારજી દ્વારા વિદેશમાં ૧૫ અને દેશમાં ૪૫ શાખાઓ દ્વારા આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય અને સામાજિક સેવાઓની કામગીરી કરે છે અને માનવ સેવાનું સરાહનીય કામ થઈ રહ્યું છે. તેઓ દ્વારા તા. ૯-૯-૨૦૨૨ના રોજ ૬ કલાકે સૌરાષ્ટ્ર કડવા પાટીદાર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે દિવ્ય વચનામૃતનું સંબોધન થશે તેમાં નગરજનોને ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ છે. ગાંધીનગર વૈષ્ણવ સમાજના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના હોદ્દેદારો સર્વ જશવંતભાઈ ગાંધી અને ડૉ. પ્રદિપ ગગલાણીએ નાગરીકોને હાજર રહેવા વિનંતી કરી હતી.

# કલ્પ એકેડમી પાસેથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સોમેશ્વર સોસાયટી પ્લોટ નં.૭૭૦ ખાતે રાકેશ મનુભાઈ વાળંદ સામોજ ડેરીની બાજુમાં ભુમિ હેર આર્ટની દુકાન ચલાવે છે. ઘરે થી દુકાન આવન જાવન માટે એકટીવા નં. જી.જે. ૧૮. સી.એમ. -૨૦૦૯ નો ઉપયોગ કરતા હતા. ત્યારે ગઈ તા.૬ સપ્ટેમ્બરના રોજ ચાર વાગ્યાના સુમારે રાકેશભાઈ તેમની પત્ની સાથે એકટીવા લઈ સેકટર-૨૬ કલ્પ એકેડમી ખાતે ગયા હતા. તે સમયે એકટીવા ખ-૬ થી ખ-૭ વચ્ચે રોડ પર કલ્પ એકેડમી બહાર પાર્ક કર્યુ હતું. કલ્પ એકેડમીમાંથી રાત્રીના ૯ વાગ્યાના અરસામાં કામ પુરુ કરી તેઓ બહાર નીકળીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. એકટીવા અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી તેમ છતા મળી આવ્યું ન હતું. જેને પગલે સેકટર-૨૧ પોલીસ મથકે એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.



ગાંધીનગર, તા. ૮

દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી ગજાનન સેવા સમિતિ ગાંધીનગર દ્વારા ભીલોડા તાલુકાની ચાર નિશાળોમાં શ્રી ગજાનનની પી.ઓ.પી.ની મૂર્તિ આપવામાં આવી હતી. મૂર્તિની પૂજા, વિસર્જન કરવાનુ નથી હોતુ. ફક્ત દર્શન અને આશીર્વાદ માટે નિશાળમાં રાખવામાં આવે છે. ગડાદર માધ્યમિક, જાભચિતરીયા, વર્ગ શાળા તથા ગઠીયા પ્રાથમિક શાળામાં આપવામાં આવી હતી. અત્યાર સુધી ૬૪ મૂર્તિ વિવિધ નિશાળોમાં આપી છે.

# કમિશનર શાળાઓની કચેરીમાં ફરજ બજાવતા જુ.ઓડીટર રૂ.૧ હજારની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર,તા.૮

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના દાણા ગામની ઉત્તર બુનીયાદી શાળાના કલાર્ક પાસેથી ગાંધીનગર કમિશનર કચેરીમાંથી ઓડીટ કરવા માટે આવેલા સિ.કલાર્ક કમ જુ.ઓડીટર રૂ.૧ હજારની લાંચ લેતા એસીબીના હાથે રંગેહાથ ઝડપાયા છે.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ કપડવંજના દાણા ગામે સરદાર પટેલ વિદ્યાલય આવેલી છે. ત્યારે આ શાળાનું ગાંધીનગર કમિશનર શાળાઓની કચેરીમાંથી જુ.ઓડીટર તરીકે ફરજ બજાવતા ગટોરભાઈ ભીખાભાઈ બારૈયા ( રહે ગામ રોજાસર તા.લીમડી) ઓડીટ માટે આવ્યા હતા. આ શાળામાં ધોરણ-૯ અને ૧૦ ના કુલ બે વર્ગો હતા. અનુદાનીત બિનસરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક અને ઉતર બુનિયાદી શાળાના વર્ષ ૨૦૧૯-૨૦ના ખાતાકીય હિસાબી ઓડીટ માટે ગાંધીનગરથી કાર્યક્રમ નક્કી થયો હતો. ત્યારે ગટોરભાઈએ વર્ગ દીઠ રૂ.૫૦૦ લેખે બે વર્ગના રૂ.૧ હજાર નક્કી કર્યા હતા. લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોવાથી ડાકોર ઉતર બુનીયાદી હાઈસ્કુલના પ્રાર્થના ખંડમાં લાંચનું છટકુ ગોઠવાયુ હતું. જેમાં જુ.ઓડીટર રૂ.૧ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જયારે એસીબીએ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરની બાંધકામ સાઈટ્સ પર કાર્યરત શ્રમજીવીઓને અક્ષરજ્ઞાન આપવાનો પ્રોજેક્ટ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરાયો છે. યુનિવર્સિટીના અદ્યતન ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓએ આધુનિક સાધનોની મદદથી શ્રમજીવીઓને અક્ષરજ્ઞાન આપવાનો મહાયજ્ઞ શરૂ કર્યો છે.

# ડબગર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર,તા.૦૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, નીતિ આયોગના અહેવાલ પ્રમાણે ગુજરાત સરકારનું આર્થિક વ્યવસ્થાપન દેશમાં સર્વશ્રેષ્ઠ છે. આ વર્ષનું સરકારનું બજેટ ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ડબલ એન્જિનની સરકારને પરિણામે ગુજરાત વિકાસના માર્ગે તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર ખાતે આયોજિત ડબગર સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. ડબગર સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ભાવસભર અભિવાદન કર્યું હતું. આ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતમાં સરકારનો જનહિતકારી અભિગમ-સરકારનું સુશાસન જનતા ૨૦ વર્ષથી અનુભવી રહી છે, તો છેલ્લા આઠ વર્ષથી કેન્દ્ર અને રાજ્ય બન્ને સરકારોના વિકાસલક્ષી સંયુક્ત પ્રયાસોને પણ લોકોએ જોયા છે.તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં દેશ અને ગુજરાતનું અર્થતંત્ર ફૂલી-ફાલી રહ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ ભારતે બ્રિટનને પાછળ રાખી વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમીનું સ્થાન મેળવી લીધું છે. ભારતનો જી.ડી.પી. ગ્રોથ રેટ ૧૩ ટકા જેટલો થયો છે.

# સેક્ટર-૨૯ના સ્નેહ શાહે નીટમાં ઉચ્ચ ગુણાંક મેળવી ઝળહળતી સફળતા મેળવી

ગાંધીનગર, તા. ૮

તબીબીક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે લેવાતી નીટ પરીક્ષામાં સેક્ટર-૨૯ના સ્નેહ પિયુષકુમાર શાહે ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે અને પરિવારને ગૌરવ અપાવ્યુ છે. સુરભી એપાર્ટમેન્ટ ખાતે રહેતા સ્નેહ શાહે નીટમાં ૬૭૧/૭૨૦ માર્કસ મેળવ્યા છે. તેનો એઆઈઆર સ્કોર ૧૩૭૭ છે. જ્યારે ગુજકેટમાં ૧૧૧૭૫/૧૨૦ જેટલા ઉચ્ચ ગુણાંક મેળવ્યા છે. સ્નેહના પિતા પણ વ્યવસાયે તબીબ છે. જ્યારે ભાઈ મીત શાહે પણ શિક્ષણ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી તબીબી વ્યવસાય અપનાવ્યો છે. સ્નેહ શાહનો સમગ્ર પરિવાર તબીબી વ્યવસાય સાથે સંકળાયેલો છે. સ્નેહની સફળતાનો શ્રેય તે તેના માતા સ્વાતીબેનને આપે છે. સ્નેહની સફળતામાં આરાધના વેદ કેમ્પસ, સેક્ટર-૨૮ અને આકાશ ક્લાસીસનો પણ ખૂબ મોટો ફાળો છે.